# સે. ૨૧ માર્કેટમાં ભીડ જામી

**દિવાળીના તહેવારોને અનુલક્ષી રજાના દિવસે નગરના શોપિંગ બજારમાં અનોખી રોનક જોવા મળી : દિવાળીના તહેવારો પુર્વેનો રવિવાર નગરજનો માટે શોપિંગ ડે બન્યો : રેડીમેઇડ ગારમેન્ટસ , બુટ ચપ્પલની ખરીદી માટે વિશેષ ભીડ : હોટલ રેસ્ટરોરન્ટમાં પણ કલાકનુ વેઇટીંગ : ગાંધીનગર અમદવાદ વચ્ચે સાંજના ટ્રાફિક જામના દ્રશ્યો**





ગાંધીનગર તા ૨૪

છેલ્લા બે વર્ષથી કોરોના કાળમાં તહેવારોની ઉજવણી પણ ફીક્કી પડી ગઈ છે. શહેરના જનજીવનમાં પણ બે મહીનાથી માંડ ચહલ પહલ વધુ જોવા મળે છે. ત્યારે કોરોના કાળમાં આજે લાંબા સમય બાદ શહેરના જનજીવનમાં અનોખી રોનક જોવા મળી હતી. નગરના શોપિંગ બજારમાં પણ દિવસ દરમિયાન ટ્રાફિકના ધમધમાટ વચ્ચે ભીડ જોવા મળી હતી. ઘરાકી ખુલતા વેપારીઓમાં પણ હર્ષની લાગણી વ્યાપી હતી. દિવાળીના તહેવારો પુર્વેના રવિવારની રજાનો દિવસ શોપિંગ ડે બની ગયો હતો. શહેરના શોપિંગ બજારમાં કપડા અને બુટ ચપ્પલની ખરીદી માટે વિશેષ ભીડ જોવા મળી હતી. આ ઉપરાંત ઘર સુશોભનની ચીજવસ્તુઓ ખરીદવાનો પણ વિશેષ ક્રેઝ જોવા મળ્યો હતો.

સમગ્ર દેશમાં કોરોના કાળમાં જનજીવનનો સિનારિયો બદલાયેલો હતો છેલ્લા બે વર્ષથી કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે લોકડાઉનનો અમલ કરવાની પણ ફરજ પડી હતી. કોરોનાની બીજી ઘાતક લહેરના લીધે પણ દેશ દુનિયામાં સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો ગાંધીનગરમાં પણ બીજી લહેરના અંતે છેલ્લા બે ત્રણ મહીનાથી જનજીવનમાં ચહલ પહલ વધી છે. કોરોનાનુ સંક્રમણ ઘટતા આ વર્ષે સેકટરોની શેરી ગરબાની રમઝટ જામી હતી જયારે નવરાત્રિ પર્વ બાદ નગરજનો હવે દિવાળી પર્વની ઉજવણી પણ શાનદાર રીતે કરવાના મુડમાં છે. છેલ્લા કેટલાક સમયથી નગરના શોપિંગ બજારમાં પણ ભીડ જોવા મળે છે. જયારે આજે દિવાળી પર્વ પુર્વેના રવિવારે શહેરના શોપિંગ બજારમાં ખરીદી માટે વિશેષ ભીડ રહી હતી. રવિવારના રજાનો દિવસ હોવાથી સવારથી જ શોપિંગ અને મોલ્સમાં ખરીદી કરવા માટે નગરજનો ઉમટી પડયા હતા. સે-૨૧ , ઈન્ફોસીટી , ડી માર્ટ , તેમજ સે-૨૪ સહીતના વિવિધ શોપિંગમાં ખરીદી માટે ઘસારો જોવા મળ્યો હતો. દિવાળીના પર્વને અનુલક્ષી નગરજનોએ મહત્તમ કપડા અને બુટ ચપ્પલની ખરીદી કરી હતી જેના લીધે રેડી મેઈડ ગારમેન્ટસની દુકાનોમાં પણ ઘરાકી જામી હતી. વેપારીઓ પણ સતત વ્યસ્ત જોવા મળ્યા હતા. આ ઉપરાંત ઘર સુશોભનની ચીજ વસ્તુઓની પણ વિશેષ પ્રમાણમાં ખરીદી થઈ હતી. શહેરના શોપિંગ બજારની દુકાનો ઉપરાંત વિવિધ માર્ગો આસપાસ પાથરણા લઈને બેસતા નાના વેપારીઓ પાસેથી પણ નગરજનો ઘર સજાવટની ચીજવસ્તુઓ ખરીદતા નજરે પડયા હતા. ગાંધીનગર અમદાવાદ વચ્ચેના રૂટમાં પણ વિશેષ ટ્રાફિક જોવા મળ્યો હતો. ગાંધીનગરથી ઘણાં ખરા પરિવારો અમદાવાદ પણ ખરીદી માટે જતા હોવાથી હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. સાંજના સમયે નગરની હોટલ રેસ્ટોરન્ટમાં પણ વેઈટીંગ જોવા મળ્યુ હતુ. શહેરમાં આડા દિવસોમાં રવિવારે સન્નાટો છવાયેલો રહે છે. જેના બદલે આજે દિવસ દરમિયાન સતત માર્ગો પર વાહનોનો ધમધમાટ અને બજારમાં અનોખી રોનક જોવા મળી હતી. આગામી સપ્તાહથી દિવાળીના પર્વો શરૂ થઈ જવાના હોવાથી આજે તહેવારો પુર્વેના રવિવારનો દિવસ શોપિંગ ડે બની ગયો હતો.

## ભારત પાક.ની મેચ શરૂ થતા સાંજ બાદ બજારમાં સન્નાટો છવાયો

### ક્રીકેટ રસિયાઓની ચર્ચાએ મેચને વધુ ઉત્તેજનાસભર બનાવી

આજે રજાના દિવસે દિવસ દરમિયાન નગરજનો શોપિંગમાં મસ્ત રહ્યા હતા. નગરના શોપિંગ બજારમાં વિશષ ભીડ જામી હતી. સાંજના સમયે ઈન્ફોસીટી તેમજ સે-૨૧ માં પણ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. બીજીતરફ આજે ભારત પાકીસ્તાનની મેચ પણ હોવાથી સાંજના સમય બાદ ધીમે ધીમે બજારમાં ભીડ ઘટી ગઈ હતી. મેચરસિયાઓ ટી વી સ્ક્રીન સામે ગોઠવાઈ ગયા હતા. ક્રિકેટ રસિયાઓ માટે ભારત પાકીસ્તાની મેચને અનુલક્ષી લાંબા સમયથી ઉત્તેજના પ્રવર્તી હતી જયારે મેચ વિશેષ રીતે જોવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. દિવસ દરમિયાન દિવાળીની ખરીદી વચ્ચે ક્રીકેટ મેચ પણ ટોક ઓફધ ટાઉન બની હતી. ક્રીકેટ પ્રેમીઓ સતત મેચને અનુલક્ષી ભારે ઉત્તેજિત જોવા મળ્યા હતા. સાંજ સુધી દિવાળીની ખરીદીના લીધે બજારમાં અનોખી રોનક છવાયેલી રહી હતી. પંરતુ મેચનો સમય થતા જ ધીમે ધીમે બજારમાં ભીડ ઓછી થવા માંડી હતી. નગરજનો રસાકસી ભરી મેચ જોવા માટે ટી વી સામે ગોઠવાઈ ગયા હતા. જયારે સાંજે પણ પાર્લરો તેમજ પાનના ગલ્લા પર મેચ મુખ્ય ચર્ચાનો મુદ્દો બન્યો હતો. કોઈ જીતશે અને કોણ હારશે તેવી અટકળો વચ્ચે પાન ચાવતા ક્રીકેટ રસિયાઓએ અનેક અનુમાનો સાથે આ ચર્ચાને પણ મેચની જેમ રસપ્રદ બનાવી હતી. ભારત પાકીસ્તાનની મેચને અનુલક્ષી કેટલાક વેપારીઓ પણ સાંજના સમયે દુકાનો બંધ કરી ટી વી સામે ગોઠવાઈ ગયા હતા. જયારે બીજીતરફ શોપિંગ બજારમાં ખરીદી કરતા ગ્રાહકો પણ મેચને લઈને સતત સ્કોરની પૃચ્છા કરતા નજરે પડયા હતા. આમ રવિવારના દિવસે ખરીદી અને મેચને માંણીને નગરજનોએ એન્જોય કર્યો હતો.


## ડીજીટલ યુગમાં દિવાળી કાર્ડ ભુલાયા

### એક જમાનો હતો જ્યારે દિવાળી-બેસતા વર્ષની શુભેચ્છા પાઠવતા કાર્ડ માટે પોસ્ટ ઓફિસોમાં ખાસ વ્યવસ્થા ગોઠવાતી હતી

ગાંધીનગર, તા. ૨૪

દિવાળી નજીક આવી છે ત્યારે અવનવી ચીજવસ્તુઓ ખરીદવા બજારોમાં ભારે ભીડ જોવા મળી રહી છે. નવા નવા પ્રકારના દિવડાઓ-કેન્ડલ્સથી માંડીને ઘર સજાવટની અનેક પોસ્ટ ઓફિસની કચેરીઓ ઉભરાતી હતી. પોસ્ટ ઓફિસની કચેરીઓ દ્વારા આ કાર્ડના વિતરણ માટે વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવતી. સ્ટાફની વ્યવસ્થા પણ વિતરણ માટે ગોઠવવી પડતી.

દિવાળી કાર્ડ આપણા ઘરે આવે તેની વિશેષ




નાવિન્યસભર ચીજવસ્તુઓથી બજારો ઉભરાઈ રહ્યા છે. નાવિન્યસભર ચીજવસ્તુઓની વચ્ચે દિવાળી કાર્ડ ભુલાઈ ગયા હોય તેવુ લાગી રહ્યુ છે. ડિજિટલ યુગે દિવાળી કાર્ડનું અસ્તિત્વ જ જાણે લુપ્ત કરી દીધુ છે.

એક સમય હતો જ્યારે દિવાળી કાર્ડનો દબદબો હતો. નવા વસ્ત્રો, સાજ-સજાવટની ચીજવસ્તુઓની ખરીદીની સાથે જ દિવાળી કાર્ડની ખાસ ખરીદી કરવામાં આવી છે. જે સગા-સંબંધીઓના ઘરે જઈ શકાય એમ નથી અને જેઓ ખૂબ દૂર રહે છે તેમને મોકલવા માટે દિવાળીના દસ-પંદર દિવસ અગાઉ જ શુભેચ્છા કાર્ડની ખરીદી કરવામાં આવતી. જાતભાતના પોસ્ટકાર્ડ સાઈડના કાર્ડની માંડીને કવરવાળા કાર્ડ ઘરના વડીલો તૈયાર કરતા અને યોગ્ય એડ્રેસ લખી તેને પોષ્ટ કરવામાં આવતા. દિવાળીના પર્વોમાં આવા ગ્રીટીંગ્સ કાર્ડથી રાહ જોવાતી. કોના ઘરે કેટલા દિવાળી કાર્ડ આવ્યા તેની ચર્ચા થતી. કાર્ડ ન મળવા બાબતે રીસામણાં-મનામણા પણ થતા. આ બધી જ બાબતો છેલ્લા કેટલાક વર્ષોમાં સાવ ભુલાઈ ગઈ છે. બજારોમાં તો હવે દિવાળી કાર્ડ જોવા પણ મળતા નથી. ગણી ગાંઠી કોર્પોરેટ કંપનીઓ જ હવે દિવાળી કાર્ડ મોકલે છે. ધીમે ધીમે તેઓ પણ ડીજીટલાઈઝેશન તરફ વળી રહી છે. સ્માર્ટ ફોનના આગમને દિવાળી કાર્ડનું અસ્તિત્વ જ જાણે લુપ્ત કરી દીધુ છે. જાતભાતના ડીજીટલ કાર્ડ હવે મોબાઈલમાં ઉપલબ્ધ છે. સુંદર સંદેશાઓ સાથેના આવા ડિજિટલ કાર્ડ હવે માત્ર એક ક્લિક પર જ મોકલી શકાતા હોવાથી દિવાળી કાર્ડ સાવ ભુલાઈ ગયા છે. નવી પેઢીને તો કદાચ આવા કાર્ડ શુ હોય છે તેની જ ખબર નહી હોય. દિવાળી કાર્ડ લખવાનો, પોસ્ટ કરવાનો અને પ્રાપ્ત કરવાનો ચાર્મ જ ખોવાઈ ગયો છે.

## આજથી ગ્રામીણ વિસ્તારમાં સ્વચ્છતા સર્વેક્ષણની કામગીરી આરંભાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજથી સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૧નો આરંભ થશે.

સ્વચ્છતા મિશન અંતર્ગત સ્વચ્છતા સર્વેક્ષણ આજથી આરંભાશે. આ સ્વચ્છતા સર્વેક્ષણમાં ગામના તમામ જાહેર સ્થળો જેવા કે શાળા, આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર, દૂધ ડેરી, ધાર્મિક સ્થળ, જાહેર બજાર, ચોક, પંચાયત ઘર વગેરેની સ્થળ તપાસ કરવામાં આવશે.

સ્વચ્છતા સર્વેક્ષણને લઈ અગાઉ જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે જિલ્લાકક્ષાની બેઠક પણ યોજાઈ ગઈ છે. આ સર્વેક્ષણ માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા એજન્સી પણ નિયુક્ત કરવામાં આવી છે. આ ટીમ રોજે રોજ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પ્રવાસ કરી અને મૂલ્યાંકનની કામગીરી કરશે.

### ગાંધીનગર ટી.પી. વિસ્તારમાં

## ડ્રેનેજ અને વરસાદી પાઈપલાઈનના નબળી ગુણવત્તાવાળુ કામ જોઈ મેયર ચોંક્યા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની ટી.પી. નં. ૧૯, ૧૮, ૧ અને ૨ માં વરસાદી પાણીની પાઈપલાઈન નાખવાની નબળી ગુણવત્તાવાળી કામગીરી જોઈ



ગાંધીનગરના નવનિયુક્ત મેયર હિતેશ મકવાણા અને કાઉન્સીલર ગીરાબેન પટેલ ચોંકી ઉઠ્યા હતા.

રાયસણ વિસ્તારમાં આવેલી આ સ્કીમોમાં નબળી ગુણવત્તાવાળા કામને લઈ મળેલી ફરિયાદોને પગલે મેયર અને કાઉન્સીલર આજે અધિકારીઓ સ્થળ તપાસ માટે પહોંચ્યા હતા.

મેયર-કાઉન્સીલરની આ ઓચિંતી તપાસમાં નબળી ગુણવત્તાનું કામ અધિકારીઓને પણ દેખાઈ ગયુ હતુ. તાત્કાલિક સાઈટ ઈજનેર અને અધિકારીઓ તેમજ કોન્ટ્રાક્ટરને બોલાવી આ બાબતે તાત્કાલિક નબળી ગુણવત્તાનું કામ તોડી નવેસરથી કરવા અને બે દિવસમાં જ આ કાર્યવાહી કરવા માટેની કડક સૂચના આપી હતી. જેનો કોન્ટ્રાક્ટર દ્વારા સ્વીકાર થયો હતો અને મોડી સાંજે આ ડ્રેનેજલાઈનના દુરસ્તીકરણ સાથે ગુણવત્તાસભર કામગીરી માટેની કામગીરીનો આરંભ થયો હોવાનું જાણવા મળેલ છે.

ગુડાના વિસ્તારોમાં ડ્રેનેજલાઈન નાખવા સહિતના ૩૦૦ કરોડથી વધારે રકમના કામો હાથ ધરવામાં આવ્યા છે. આ કામોમાં ગુણવત્તા નહિ જળવાતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે મેયર હિતેશ મકવાણાએ સ્પષ્ટ ચીમકી આપી છે કે કામોમાં ગુણવત્તા નહિ જળવાય તો કડક કાર્યવાહી કરતાં કોઈ રોકી શકશે નહિ. સમય-મર્યાદામાં ગુણવત્તાસભર કામગીરી થવી જ જોઈએ. ગુણવત્તાને લઈ કોઈપણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવાશે નહિ. મેયર-કાઉન્સિલરની આ મુલાકાતને ગ્રામજનો અને ટી.પી. વિસ્તારમાં રહીશોએ આવકારી હતી.

## ૨૦મી પશુધન વસ્તી ગણતરીમાં જિલ્લામાં પશુઓની સંખ્યામાં ૧૫ ટકાનો વધારો

### ગાયોની સંખ્યામાં વધારો થયો : માણસા-કલોલ-ગાંધીનગરમાં ભેંસોની સંખ્યા ઘટી ગાંધીનગર દહેગામમાં ગામોની સંખ્યા નથી : દહેગામમાં ભેંસો ૧,૦૨,૦૫૨ પર નોંધાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં પશુધનની વસ્તીમાં ૧૧,૧૩૮ નો વધારો થયો છે. ૧૯મી પશુધન વસ્તી ગણતરીના પ્રમાણમાં ૧૫ ટકા જેટલો વધારો થવા પામ્યો છે.

જિલ્લામાં ૨૦મી પશુધનની વસ્તી ગણતરીની કામગીરી જે ૨૦૧૯માં હાથ ધરાઈ હતી જેના પરિણામો હવે ઓનલાઈન ઉપલબ્ધ થયા છે. તંત્રના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં પશુધનની વસ્તીમાં ગૌ ધન અને ભેંસ સંવર્ગમાં વધારો થયો છે જ્યારે અન્ય પશુઓમાં લગભગ સરેરાશ જળવાઈ રહેવા પામી છે.

૨૦મી પશુધન ગણતરી ટેબ્લેટ દ્વારા કરવામાં આવી હતી જેમાં ગણતરીદારને ટેબ્લેટ સરકાર દ્વારા આપવામાં આવ્યા હતા એટલુ જ નહિ તેની ઓનલાઈન એન્ટ્રી થતી હતી. ચાર માસથી પણ વધુ સમય સુધી આ ગણતરી ચાલી હતી.

ગાંધીનગર જિલ્લામાં ૧૯મી પશુધન વસ્તી ગણતરીની તુલનામાં ગાયોની સંખ્યામાં વધારો થયો છે. જો કે ભેંસ સંવર્ગમાં થોડોક ઘટાડો જોવા મળી રહ્યો છે. જિલ્લામાં ઊંટની વસ્તીમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. ઘોડાની સંખ્યામાં વધારો થયો છે. ઘેંટાની વસ્તિમાં વધારો થયો છે પરંતુ બકરાઓની સંખ્યામાં ઘટાડો થયેલો જોવા મળ્યો છે.

જિલ્લામાં ખેતીની જમીન ઘટી રહી છે તો પશુપાલન પ્રત્યે લોકો આકર્ષાયા જરૂર છે પરંતુ પશુપાલન અને કૃષિનો જે સમન્વય સાધી વિકાસ થાય તેમાં જરૂર ઓટ જોવા મળી રહી છે. પશુપાલન એ

● અનુસંધાન પાન-૭ પર

### જિલ્લાના ૨૦ ગામ એવા જ્યાં માનવ વસ્તી કરતાં પશુ વસ્તી વધારે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં ચારેય તાલુકામાં થઈ ૨૦ જેટલા ગામો એવા છે જ્યાં માનવ વસ્તી કરતાં પશુધનની વસ્તી વધારે જોવા મળી છે.

આવા ગામો માણસા અને દહેગામમાં વધુ છે. ગાંધીનગરમાં પણ આવા ગામોની સંખ્યા ૨ થી ૩ હોવાનું જાણવા મળેલ છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી પછી માનવ વસ્તી ગણતરી કોરોના મહામારીને લઈ થઈ શકી નથી. જો કે ઘણી બધી પંચાયતોના આ પછી વિભાજન પણ થયા છે.

### પશુધનની વસ્તીની ગીચતા વધી!

ગાંધીનગર, તા. ૨૪

૨૦મી પશુધન વસ્તી ગણતરીના પરિણામો પરથી એક વાત સ્પષ્ટ થાય છે કે જિલ્લામાં પશુધનની વસ્તીની ગીચતામાં વધારો થયો છે.

અગાઉ એક કિમી. વિસ્તારમાં પશુધનની ગીચતા ૪૦૦ની નજીક હતી હવે તે વધીને ૪૨૫ ને પાર કરી ગઈ છે. પશુધનની વસ્તીની ગીચતા વધી રહી છે જે પશુધન અર્થતંત્રમાં કેટલુ મહત્વનું છે તે દર્શાવે છે. ગ્રામીણ અર્થતંત્રમાં પશુપાલનને કરોડરજ્જુ ગણવામાં આવે છે. જિલ્લામાં પશુપાલકોને વધુ પ્રોત્સાહિત કરવામાં આવે તેમજ પશુઓને રહેવાની યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે તે પણ જરૂરી છે.

બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી
જવાહરસિંહ મિઠૂસિંહ રાજપુત
તા.૧૯/૧૦/૨૦૨૧ મંગળવારે શ્રીજી ચરણ પામેલ છે. સદ્દગતનું બેસણુંતા.૨૫/૧૦/૨૦૨૧ સોમવારના રોજ સવારે ૮ થી ૧૦ વાગે નીચેના સરનામે રાખેલ છે.
સ્થળઃ- પ્લોટ નં.૩૫૫/૧, શ્રેયસ સોસાયટી, સે.૨૨, ગાંધીનગર.
કુન્જલસિંહ રાજપુત (પુત્ર) ૮૩૨૦૭૩૪૭૧૨ | ઉર્મિલાબેન જે. રાજપુત (પત્ની)
હીરાલાલ મિઠૂસિંહ ચૌહાણ (ભાઈ) | મીનુ પાન્ડે (પુત્રી)
રાજેશસિંહ ચૌહાણ (ભાઈ) ૯૯૦૪૧૫૮૪૭૧ | અમૃતાબેન છોટુસિંહ ચૌહાણ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com